2012-12-25 -Mandvi Hostel Scam -FAQ & Reply (848)

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ
(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
મુખ્ય કાર્યાલય : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ. પીન - ૩૭૦ ૬૧૫.
Head Office : Patidar Vidhyarthi Bhavan, Nakhatrana, Kutch. Pin - 370 615.
Phone : (02835) (O) 222149, 292700 Fax : 221049
E-mail : info@abkkpsamaj.org • Website : www.abkkpsamaj.org

...-૨૦૧૨

...જનો,

હાલમાં એક ખુબજ ગંભીર પ્રશ્ન માંડવી હોસ્ટેલ બારામાં ઉભો થયો છે, અને ચર્ચાના ચકડોળે ચડ્યો છે. આવી ચર્ચાઓ દરમ્યાન અમુક વિઘ્નસંતોષીઓ દ્વારા, પોતાના અંગત સ્વાર્થ ખાતર, કેન્દ્રિય સમાજના વિરુદ્ધમાં, સમાજના સંઘઠન અને વિચારધારાને તોડવા તેમજ કમજોર બનાવવાના આશયથી, તદ્દન જુઠ્ઠાણાના આધારે લોકોને ભરમાવીને ગુનાહિત કૃત્ય કરી રહ્યા છે. અને જેઓ ગુનાહિત કૃત્યમાં સંડોવાયલા છે, તેઓનો પાયાવિહોણો બચાવ કરવાના પ્રયત્નો કરી રહ્યા છે. આ અંગે સમાજના લોકો તરફથી મને તેમજ મારા સહયોગી હોદેદારોને રૂબરૂ તેમજ ફોન દ્વારા જાણકારી મેળવવાના આશયથી ઘણા બધા પ્રશ્નો પૂછવામાં આવે છે. તેથી એમ લાગે છે કે આવા મુખ્ય પ્રશ્નો અને તેના જવાબોની ટૂંકમાં પણ સત્ય હકીકતથી સમાજના લોકોને વાકેફ કરવા જરૂરી જણાય છે અને જે અમારી ફરજમાં આવે છે. માટે..

માંડવી હોસ્ટેલ તેમજ નિર્માણ સમિતિના સંદર્ભમાં, જ્ઞાતિ જનોના મનમાં મુંજવતા પ્રશ્નો અને તેના જવાબો

1. માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિનું સર્જન કેવી રીતે, ક્યારે અને કોણે કર્યું?

જવાબ: માંડવી વિસ્તારના અગ્રણીઓ દ્વારા હોસ્ટેલ નિર્માણ કરવા અંગે ચર્ચાઓ કરીને એક કારોબારી સમિતિનું ગઠન કરી અને કેન્દ્રિય સમાજ પાસે મંજૂરી મેળવવા ઓગસ્ટ ૧૯૯૧માં રજૂઆત કરેલ. જેને કેન્દ્રિય સમાજની સામાન્ય સભામાં ચર્ચા વિચારણા કરીને મંજૂરી આપવામાં આવેલ. કેન્દ્રિય સમાજની આ પેટા સમિતિનું નામ "શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ નિયુક્ત શ્રી માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિ" ("નિર્માણ સમિતિ") એમ આપવામાં આવેલ.

(આ બાબત અંગેના પુરાવા તરીકે ઠરાવની પ્રત [બિડાણ/Annexure ક્ર ૧] તેમજ નામોલ્લેખ સાથે રસીદની પ્રત [બિડાણ ક્ર. ૨] જોડેલ છે.)

2. નિર્માણ સમિતિને ક્યા અધિકારો આપવામાં આવ્યા?

જવાબ: કેન્દ્રિય સમાજે કરેલ ઠરાવ મુજબ (જુઓ બિડાણ ક્ર. ૧), નિર્માણ સમિતિને હોસ્ટેલનું નિર્માણ કરવા, વહીવટ અને સંચાલન કરવા, બેંક એકાઉન્ટ ખોલવા અને તેને ચલાવવા, તેમજ નવી મિલકતો ખરીદી કરવાના અધિકારો આપવામાં આવેલ છે.

(ખાસ નોંધ: નિર્માણ સમિતિને કોઈ પણ મિલકત વહેચવાનો કે કોઈ પણ પ્રકારે તબદીલ [Transfer] કરવાનો અધિકાર આપવામાં આવેલ નથી)

3. કેન્દ્રિય સમાજની માન્યતા મેળવ્યા બાદ નિર્માણ સમિતિએ પહેલું કામ શું કર્યું?

જવાબ: કેન્દ્રિય સમાજની માંડવી મધ્યે આવેલ સમાજ વાડીવાળી જમીન પર જુના રહેણાંક ઘરો પાડીને નવી હોસ્ટેલની ઈમારત ઉભી કરેલ. જેના માટે કેન્દ્રિય સમાજે આપેલ મંજૂરી મુજબ જ્ઞાતિ જનો પાસેથી ફાળો મેળવી બાંધકામ કાર્ય પૂર્ણ કરેલ. કેન્દ્રિય સમાજે પરવાનગી આપ્યા મુજબ તે ઈમારતનું નામ કરણ શ્રી નાનજી વીરજી ધોળું વિદ્યાર્થી છાત્રાલય (હાલે જ્યાં કન્યા છાત્રાલય ચાલે છે) તરીકે કરવામાં આવ્યું. જેના માટે માતબર રકમનું દાન શ્રી નાનજી વીરજી ધોળું પરિવાર તરફથી મળેલ. સફળતા પૂર્વક નિર્માણ કાર્ય પૂર્ણ થયા બાદ, સમિતિ પાસે સારી એવી રકમની બચત પણ થયેલ.

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ
(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
મુખ્ય કાર્યાલય : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ. પીન - ૩૭૦ ૬૧૫.
Head Office : Patidar Vidhyarthi Bhavan, Nakhatrana, Kutch. Pin - 370 615.
Phone : (02835) (O) 222149, 292700 Fax : 221049
E-mail : info@abkkpsamaj.org • Website : www.abkkpsamaj.org

તા. ૨૫-૧૨-૨૦૧૨
સુજ્ઞ સમાજ જનો,

હાલમાં એક ખુબજ ગંભીર પ્રશ્ન માંડવી હોસ્ટેલ બારામાં ઉભો થયો છે, અને ચર્ચાના ચકડોળે ચડ્યો છે. આવી ચર્ચાઓ દરમ્યાન અમુક વિધ્નસંતોષીઓ દ્વારા, પોતાના અંગત સ્વાર્થ ખાતર, કેન્દ્રિય સમાજના વિરુદ્ધમાં, સમાજના સંઘઠન અને વિચારધારાને તોડવા તેમજ કમજોર બનાવવાના આશયથી, તદ્દન જુઠ્ઠાણાના આધારે લોકોને ભરમાવીને ગુનાહિત કૃત્ય કરી રહ્યા છે. અને જેઓ ગુનાહિત કૃત્યમાં સંડોવાયલા છે, તેઓનો પાયાવિહોણો બચાવ કરવાના પ્રયત્નો કરી રહ્યા છે. આ અંગે સમાજના લોકો તરફથી મને તેમજ મારા સહયોગી હોદેદારોને રૂબરૂ તેમજ ફોન દ્વારા જાણકારી મેળવવાના આશયથી ઘણા બધા પ્રશ્નો પૂછવામાં આવે છે. તેથી એમ લાગે છે કે આવા મુખ્ય પ્રશ્નો અને તેના જવાબોની ટૂંકમાં પણ સત્ય હકીકતથી સમાજના લોકોને વાકેફ કરવા જરૂરી જણાય છે અને જે અમારી ફરજમાં આવે છે. માટે..

<u>માંડવી હોસ્ટેલ તેમજ નિર્માણ સમિતિના સંદર્ભમાં,</u>
<u>જ્ઞાતિ જનોના મનમાં મુંજવતા પ્રશ્નો અને તેના જવાબો</u>

1. માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિનું સર્જન કેવી રીતે, ક્યારે અને કોણે કર્યું?

જવાબ: માંડવી વિસ્તારના અગ્રણીઓ દ્વારા હોસ્ટેલ નિર્માણ કરવા અંગે ચર્ચાઓ કરીને એક કારોબારી સમિતિનું ગઠન કરી અને કેન્દ્રિય સમાજ પાસે મંજૂરી મેળવવા ઓગસ્ટ ૧૯૯૧માં રજૂઆત કરેલ. જેને કેન્દ્રિય સમાજની સામાન્ય સભામાં ચર્ચા વિચારણા કરીને મંજૂરી આપવામાં આવેલ. કેન્દ્રિય સમાજની આ પેટા સમિતિનું નામ "શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ નિયુક્ત શ્રી માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિ" ("નિર્માણ સમિતિ") એમ આપવામાં આવેલ.

(આ બાબત અંગેના પુરાવા તરીકે ઠરાવની પ્રત [બિડાણ/Annexure ક્ર ૧] તેમજ નામોલ્લેખ સાથે રસીદની પ્રત [બિડાણ ક્ર. ૨] જોડેલ છે.)

2. નિર્માણ સમિતિને ક્યા અધિકારો આપવામાં આવ્યા?

જવાબ: કેન્દ્રિય સમાજે કરેલ ઠરાવ મુજબ (જુઓ બિડાણ ક્ર. ૧), નિર્માણ સમિતિને હોસ્ટેલનું નિર્માણ કરવા, વહીવટ અને સંચાલન કરવા, બેંક એકાઉન્ટ ખોલવા અને તેને ચલાવવા, તેમજ નવી મિલકતો ખરીદી કરવાના અધિકારો આપવામાં આવેલ છે.

<u>(ખાસ નોંધ: નિર્માણ સમિતિને કોઈ પણ મિલકત વહેચવાનો કે કોઈ પણ પ્રકારે તબદીલ [Transfer] કરવાનો અધિકાર આપવામાં આવેલ નથી)</u>

3. કેન્દ્રિય સમાજની માન્યતા મેળવ્યા બાદ નિર્માણ સમિતિએ પહેલું કામ શું કર્યું?

જવાબ: કેન્દ્રિય સમાજની માંડવી મધ્યે આવેલ સમાજ વાડીવાળી જમીન પર જુના રહેણાંક ઘરો પાડીને નવી હોસ્ટેલની ઈમારત ઉભી કરેલ. જેના માટે કેન્દ્રિય સમાજે આપેલ મંજૂરી મુજબ જ્ઞાતિ જનો પાસેથી ફાળો મેળવી બાંધકામ કાર્ય પૂર્ણ કરેલ. કેન્દ્રિય સમાજે પરવાનગી આપ્યા મુજબ તે ઈમારતનું નામ કરણ શ્રી નાનજી વીરજી ધોળું વિદ્યાર્થી છાત્રાલય (હાલે જ્યાં કન્યા છાત્રાલય ચાલે છે) તરીકે કરવામાં આવ્યું. જેના માટે માતબર રકમનું દાન શ્રી નાનજી વીરજી ધોળું પરિવાર તરફથી મળેલ. સફળતા પૂર્વક નિર્માણ કાર્ય પૂર્ણ થયા બાદ, સમિતિ પાસે સારી એવી રકમની બચત પણ થયેલ.

4. <u>હાલની માંડવીની કુમાર છાત્રાલયવાળી જમીનની ખરીદી કોણે કરી? કેવી રીતે અને ક્યારે થઈ ?</u>

<u>જવાબ:</u> ઉપર મુજબ પ્રથમ હોસ્ટેલના નિર્માણ કાર્ય બાદ, બચત થયેલ ફાળાની રકમમાંથી અને કેન્દ્રિય સમાજ તરફથી રૂપિયા ૫૦ લાખની મળેલ લોનમાંથી વર્ષ ૧૯૯૪માં, ભવિષ્યની જરુરીઆતને ધ્યાનમાં રાખીને, વિદ્યાર્થી હોસ્ટેલ (કુમાર છાત્રાલય) બનાવવા માટે, નવી જમીન, કેન્દ્રિય સમાજના સહકારથી, કેન્દ્રિય સમાજ વતી, કેન્દ્રિય સમાજ દ્વારા કરેલ ઠરાવ અને આપેલ અધિકારની રૂએ, તે વખતના "નિર્માણ સમિતિના" પ્રમુખ અને મહા મંત્રીશ્રીએ ખરીદી કરેલ.

5. <u>ઉપરોક્ત નવી જમીનની ખરીદી કર્યા બાદ, આજની કુમાર છાત્રાલયનું નિર્માણ કાર્ય ક્યારે શરુ કરવામાં આવ્યું અને ક્યારે પૂર્ણ થયું ?</u>

<u>જવાબ:</u> ૧૯૯૪ની સાલમાં જમીન ખરીદી કર્યા બાદ, નવી હોસ્ટેલના બાંધકામ અંગે, નિર્માણ સમિતિમાં વિચારભેદ હોવાથી, વચ્ચેના સમયમાં, આ મુદ્દે, કોઈ સકારાત્મક કામ થઈ ન શક્યું અને સમય પસાર થતો ગયો. અંતે <u>તા.૨૪-૦૮-૨૦૦૫ના</u> નવી વિદ્યાર્થી હોસ્ટેલની શિલાન્યાસ વિધિ, તે સમયના નિર્માણ સમિતિના પ્રમુખ શ્રી લધાભાઈ વી. પોકારના અધ્યક્ષ સ્થાને સંપન્ન થઈ. ત્યારબાદ નીર્માણ કાર્યને ગતિશીલ કરવા, સમિતિના સભ્યો અને અન્ય આગેવાન વ્યક્તિઓએ, સાથે બેસી વિચાર વિનિમય કરી, ઉદભવેલ મતભેદો દૂર કરી, સમિતિનું પ્રમુખપદ સર્વાનુમતે શ્રી લખમશી લધાભાઈ વાસાણીને સોંપવામાં આવ્યું. અને લગભગ બે વરસમાં નવી હોસ્ટેલનું બાંધકામ પૂર્ણ કરી <u>તા. ૦૧-૦૫-૨૦૦૭ના</u> નવી હોસ્ટેલનું ઉદઘાટન કરવામાં આવ્યું, જેનું નામકરણ "શ્રી લખુ વીરજી ધોળુ વિદ્યાર્થી છાત્રાલય" રાખવામાં આવ્યું.

6. <u>નિર્માણ સમિતિ ઉપર કેન્દ્રિય સમાજની કેવી લગામ હતી અને કેવો સાથ સહકાર હતો?</u>

<u>જવાબ:</u> કેન્દ્રિય સમાજે નિર્માણ સમિતિને સંપૂર્ણ છૂટ આપેલ હતી અને કેન્દ્રિય સમાજે આપેલ અધિકાર મુજબ નિર્માણ સમિતિ સ્વતંત્ર રીતે પોતાનું કામ કરતી હતી, તેમાં કેન્દ્રિય સમાજે કોઈ દખલગીરી કરેલ નથી. અને આજ સુધી, આટ આટલા વર્ષો વીતી ગયા હોવા છતાં, નિર્માણ સમિતિએ માંડવી વિસ્તાર તેમજ કેન્દ્રિય સમાજમાં ક્યારેય ફરિયાદ કરેલ નથી.

7. <u>તો પછી, માંડવી હોસ્ટેલના વિષય પર ચર્ચાતા સળગતા પ્રશ્નોના મૂળમાં શું છે?</u>

<u>જવાબ:</u> હોસ્ટેલને લાગતા વળગતા અમુક કાર્ય માટે <u>તા. ૨૮-૦૮-૨૦૧૨ના</u> કેન્દ્રિય સમાજને સરકારી કાર્યાલયમાં જવું પડ્યું. ત્યાં સમાજની જાણમાં આવ્યું કે કુમાર છાત્રાલયવાળી મિલકત (નવી હોસ્ટેલ) એક અન્ય ટ્રસ્ટના નામે તબદીલ થયેલ છે. ત્યારબાદ તે તબદીલી દર્શાવતા દસ્તાવેજોની પ્રમાણિત નકલ મેળવી અને ઊંડાણ પૂર્વક અભ્યાસ કરવાથી જાણવા મળ્યું કે આ મિલકત "શ્રી પાટીદાર સર્વોદય ટ્રસ્ટ" ના નામે તબદીલ કરવામાં આવેલ છે. આ તબદીલી પાછળ સહી કરનાર આપણીજ સમાજના લોકો છે, જે નિર્માણ સમિતિના પણ સભ્યો છે. **તેથી સ્પષ્ટપણે સમજાય છે કે, માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિના અમુક જવાબદાર હોદેદાર સભ્યોએ, કેન્દ્રિય સમાજ, માંડવી વિસ્તારના જ્ઞાતિ જનો, દાતાઓ એમ સર્વેને અંધારામાં રાખીને, ચોરી છુપે, વિશ્વાસઘાત કરીને બદ-ઈરાદાપૂર્વક સંપૂર્ણ રીતે છેતરપીંડી કરેલ છે. આના કારણેજ આવા કૃત્યને "સમાજ દ્રોહ" કહેવામાં આવે છે.**

8. <u>સમાજ સાથે દ્રોહ કરવા પાછળ કોણ છે?</u>

<u>જવાબ:</u> જે ટ્રસ્ટમાં મિલકત તબદીલ કરવામાં આવેલ છે, તે "શ્રી પાટીદાર સર્વોદય ટ્રસ્ટ" (લાભાર્થી ટ્રસ્ટ) ના ટ્રસ્ટીઓ નિર્માણ સમિતિનાજ અમુક આગેવાન સભ્યો છે. આ લાભાર્થી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તરીકે જે ૯ વ્યક્તિઓ છે, તે પૈકી શ્રી લધાભાઈ વિશ્રામ પોકાર અને શ્રી શિવદાસ ગોવિંદ છાભૈયા તો કેન્દ્રિય સમાજના પણ ટ્રસ્ટી છે. અને બાકીના ટ્રસ્ટીઓમાં, નિર્માણ સમિતિના પ્રમુખ શ્રી મેઘજી જેઠા રામજીઆણી અને અન્ય ૬ ટ્રસ્ટીઓ, નિર્માણ સમિતિના હોદેદારો તેમજ કારોબારી સભ્યો પૈકી છે.

વધુમાં આવા દુષ્કૃત્યને સંપૂર્ણ પણે સમજ્યા બાદ, જે લોકો પોતાના અંતરાત્માને મારીને આ દુષ્કૃત્યને હેમ ખેમ રીતે વાજબી ઠરાવવા માટે સતત અવ્યવહારિક પ્રયત્નો કરે છે, તેવા લોકો આ દુષ્કૃત્ય કરનાર ૯ લોકો સાથે બરાબર સંડોવાયલા છે, તે સહજ રીતે સમજી શકાય તેવી સરળ વાત છે.

9. સમાજની મિલકતોનું રક્ષણ કરવાની જવાબદારી કોની છે? અને તેની જવાબદારીથી જો તેઓ ચુકે, તો તેના વિરુદ્ધ કાયદાકીય અને સામાજિક કાર્યવાહી કરવાની ફરજ કોની છે? આ વિષય પર સમાજનું બંધારણ શું કહે છે?

જવાબ:

a) સમાજની મિલકતોનું રક્ષણ કરવાની સંપૂર્ણ જવાબદારી ટ્રસ્ટીઓની હોય છે. ટ્રસ્ટીની જવાબદારીમાં આવે છે કે જે હેતુથી સમાજના લોકોએ સમાજને દાન આપેલું છે, તે હેતુ માટે તે દાન વપરાવું જોઈએ.

b) અગર ટ્રસ્ટીઓ પોતાની જવાબદારીથી ચુકે, તો તેના વિરુદ્ સમાજની કોઈ પણ વ્યક્તિ કાયદાકીય કાર્યવાહી કરી શકે છે. (સારું છે કે, જેમ અમુક ખાસ સમાજોમાં જોવા મળે છે તેમ, આપણા સમાજોમાં વ્યક્તિગત રીતે હજી કોઈએ કાયદાના દરવાજા ખટખટાવ્યા નથી). સમાજના હોદેદારો અને કારોબારીની પહેલી નૈતિક ફરજ છે કે આવા સમાજ દ્રોહી ટ્રસ્ટીઓ પર કાયદાકીય કાર્યવાહી કરે.

c) આ વિષય પર સમાજના બંધારણમાં એવી જોગવાઈ છે, કે કારોબારી સમિતિ આવા ટ્રસ્ટીઓ પર સામાજિક અને કાયદાકીય કાર્યવાહી કરે. પહેલા કારોબારી સમિતિ આવા ટ્રસ્ટીઓને "અપ્રમાણિક" જાહેર કરે અને ત્યાર બાદ તેવા અપ્રમાણિક ટ્રસ્ટીને સામાન્ય સભામાં તેમના પદથી ઉતારે.

10. શા માટે ટ્રસ્ટીઓ શ્રી લધાભાઈ વિશ્રામ પોકાર અને શ્રી શિવદાસ ગોવિંદ છાભૈયાને, કેન્દ્રિય સમાજ દ્વારા "અપ્રમાણિક" ઠરાવવામાં આવ્યા?

જવાબ: ઉપરોક્ત બન્ને ટ્રસ્ટીઓની કાયદાકીય અને સામાજિક ફરજમાં આવે છે, કે તેઓ સમાજની મિલકતનું રક્ષણ કરે. પણ જો રક્ષક જ ભક્ષક બને તો શું થાય? આ બન્ને ટ્રસ્ટીઓ, તેમની વ્યકતિગત સંપૂર્ણ જાણકારીમાં હોવા છતાં, તેઓએ સમાજની મિલકતને એક અન્ય ટ્રસ્ટમાં ફેરવી નાખી, જેમાં તેઓ બન્ને તે લાભાર્થી ટ્રસ્ટમાં ટ્રસ્ટી છે. આમ કરવાથી સમજાઈ આવે છે કે આ બન્ને ટ્રસ્ટીઓ આ દુષ્કૃત્યમાં પ્રત્યક્ષ રીતે / સીધી રીતે સંડોવાયલા છે.

આનો અર્થ એમ થાય કે આ બન્ને ટ્રસ્ટીઓએ સમાજ સાથે વિશ્વાસ ઘાત કર્યો. અને બંધારણની જોગવાઈ પ્રમાણે, તા.૦૭-૦૯-૨૦૧૨ના હોદેદાર અને ટ્રસ્ટીઓની મિટિંગમાં પૂરતા ખુલાસા કરવા, આ બન્ને ટ્રસ્ટીઓને તક આપી. આ બન્ને આરોપી ટ્રસ્ટીઓ પર આ સમસ્યાનો ઉકેલ લાવવાની જવાબદારી સોંપવામાં આવી. છતાંય તેમણે સમાજને સહયોગ ન આપ્યો. માટે આવા ટ્રસ્ટીઓને અપ્રમાણિક જાહેર કરવાની ફરજ કેન્દ્રિય સમાજની કારોબારી સમિતિની છે. અને તેથી તથ્યોના આધારે, તેમને તા. ૨૫.૦૯.૨૦૧૨ની કારોબારી સભામાં નાછૂટકે સર્વાનુમતે અપ્રમાણિક ઠરાવવામાં આવેલ છે.

11. આવા સમાજ દ્રોહી કૃત્યોને એક દિવસમાં પાર પાડવાં તો શક્યજ નથી, તેથી શું આ ઘણા સમયથી ચાલતું કોઈ ષડયંત્ર છે કે શું? આ અંગે તપાસની વિગતવાર માહિતી આપવા વિનતી.

જવાબ:

a) હાલમાં પ્રાપ્ત થતી જાણકારી પ્રમાણે, છેલ્લા ૩-૪ વરસથી, નિર્માણ સમિતિના કારોબારીના અમુક સભ્યો વચ્ચે, પોતાનું એક અલગ ટ્રસ્ટ બનાવી, તેમાં કુમાર છાત્રાલયની તમામ મિલકત તબદીલ કરવી અને તેનું સંચાલન અને વહીવટ, નિર્માણ સમિતિના બદલે તે ટ્રસ્ટ કરે, એવા વિચારો ચર્ચામાં હતાં. પરંતુ નિર્માણ સમિતિના બીજા અમુક સભ્યો દ્વારા આ બાબત સહયોગ ન મળતાં વિષય દબાઈ ગયો.

b) સમયાંતરે આ વિષયમાં સહયોગ ન કરનાર ભાઈઓ / વડીલો સાથે સુરક્ષિત અંતર જાળવી, વિષયને ગુપ્ત રાખી, એક નવું ટ્રસ્ટ રચવાની ગતિવિધિને મે-૨૦૧૧માં શરુ કરી દેવામાં આવી. ટ્રસ્ટ નોંધણી માટે જાન્યુવારી ૨૦૧૨ના અરજી કરેલ અને "શ્રી પાટીદાર સર્વોદય ટ્રસ્ટ" (લાભાર્થી ટ્રસ્ટ) **રજી. નં. એ-૧૮૬૮/કચ્છ,** એમ આ નવું ટ્રસ્ટ રજિસ્ટર થયેલ. આ ટ્રસ્ટમાં સતપંથી લોકોને પણ સભ્યો બનાવામાં આવેલ છે.

(ખાસ નોંધ: મે-૨૦૧૧ના શ્રી લખમશી લધા વાસાણીનું ટ્રસ્ટી તરીકેનું સોગંદનામું કરેલ છે, પરંતુ તેઓશ્રી જુલાઈ ૨૦૧૧ અવસાન પામેલ છે. એટલે કે જાન્યુઆરી ૨૦૧૨ના ટ્રસ્ટની નોંધણી અંગેની અરજી દાખલ કરતી વખતે તેઓ હયાત નોહતા, પણ તેમ છતાં તેમનું નામ અરજદાર ટ્રસ્ટી તરીકે બોલે છે, જે એક ભયંકર ગેર રીતિ સૂચવે છે.)

c) લાભાર્થી ટ્રસ્ટની નોંધણી થઈ ગયા બાદ, તા.૨૨-૦૩-૨૦૧૨ના શ્રી લ.વી.ધોળુ કુમાર છાત્રાલયવાળી તમામ મિલકત, સર્વે અકસ્યામતો સાથે, નવા ટ્રસ્ટમાં તબદીલ કરવા માટે, મામલતદાર કચેરી માંડવી કચ્છ મધ્યે, અરજી કરવામાં આવેલ. એપ્રિલ ૨૦૧૨ના મામલતદાર કચેરી દ્વારા અરજીને મંજુર કરી, ૭/૧૨ ઉતારામાં નામ ફેરબદલ કરી દીધું.

નોંધ ૧: આ મિલકત તબદીલ કરવા માટે કોઈ યોગ્ય દસ્તાવેજ દાખલ કરવામાં આવેલ નથી. ફક્ત નિર્માણ સમિતિના ખોટા ઠરાવના આધારે મિલકત તબદીલ કરેલ છે. તે મિલકતની સાથે રોકડ, બેંક બેલેન્સ અને FD ની બહુ મોટી રકમ પણ શામેલ છે. જે ગેર કાયદેસર છે. – કારણ

કે નિર્માણ સમિતિને મિલકત તબદીલ કરવાનો કોઈ અધિકાર કેન્દ્રિય સમાજે આપેલ નથી. તેમજ સમાજની કોઈ પણ પેટા સમિતિને સામાન્ય સભા બોલાવવાનો અધિકાર હોતોજ નથી.

d) ઉપરોકત ઘટના ક્રમની જાણ નિર્માણ સમિતિના કારોબારી સભ્યો કે જેમની કૂલ સંખ્યા ૩૭ થી ૪૦ સભ્યોની છે, તેમાંથી ફક્ત ૧૫-૨૦ સભ્યોનેજ આ કૃત્યની જાણ હતી. બાકીના સભ્યોને પણ અંધારામાં રાખવામાં આવેલ હતા. એટલેકે નિર્માણ સમિતિ દ્વારા ટ્રસ્ટ નોંધણી માટે અને મિલકત તબદીલ કરવા માટે કરેલ કહેવાતા સર્વાનુમતવાળા ઠરાવો અહીં ખોટા સાબિત થાય છે. આનો અર્થ એમ થાય કે સર્વોદય ટ્રસ્ટની રચના અમુક લોકોએ પોતાના અંગત સત્તા લોભ માટેજ કરેલ છે.

12. <u>લાંબા સમય સુધી કેન્દ્રિય સમાજના બબ્બે વરિષ્ઠ ટ્રસ્ટીઓ આ દુષ્કૃત્યમાં સંડોવાયલા હોવા છતાં, આ વાતથી કેન્દ્રિય સમાજ કેમ અજાણ રહી?</u>

<u>જવાબ:</u> કેન્દ્રિય સમાજના બન્ને વરિષ્ઠ ટ્રસ્ટીઓ, કે જે આ કૃત્યોમાં સંડોવાયલા છે, જેમાંના એક શ્રી લાધાભાઈ વિશ્રામ પોકાર, કેન્દ્રિય કારોબારી સાથે અતિશય વિશ્વાસ કેળવીને કાર્ય કરતા હતા. અને વધુમાં, આ દુષ્કૃત્ય કે કાંડ થઈ ગયા પછી પણ, <u>તા.૩૦-૦૭-૨૦૧૨ના</u> વાંઢાય મધ્યે સામાન્ય સભામાં જાહેરમાં વકતવ્ય આપેલ કે માંડવી હોસ્ટેલની મિલકત આજે પણ મારા અને મહા મંત્રી શ્રી ભવાનજીનાં નામેજ છે. અને તે શિવાય વખતો વખત સભાઓમાં (જેમ કે મુંબઈમાં) તેમજ વ્યક્તિગત ચર્ચાઓમાં, ભારપૂર્વક વિશ્વાસ આપતા હતા કે માંડવી હોસ્ટેલવાળી મિલકત મારા નામેજ છે. આથી કોઈને પણ તેમના પ્રત્યે તેમજ આવા ઘડાયેલ કાવત્રા અંગે શંકા સુધ્ધા આવી ન શકે.

શ્રી શિવદાસ ગોવિંદ કે જેઓ માંડવી હોસ્ટેલના, વર્ષો વર્ષના, કેન્દ્ર સમાજને પ્રાપ્ત થતા, ઓડીટ કરેલા હિસાબો વાળા દસ્તાવેજો, જેમાં માંડવી હોસ્ટેલ વાળી મિલકત કેન્દ્રિય સમાજની છે, તેવું પ્રમાણિત થતું હોય, તેવા દસ્તાવેજો ઉપર પોતાની સહીઓ કરીને ચેરીટી કમિશ્નરની ઓફીસમાં રજુ કરતા હતાં. એટલે સ્વાભાવિક છે, કે તેમના પ્રત્યે પણ કોઈ શંકા ન કરે.

13. <u>જાણ થયા બાદ, પરિસ્થિતિને સુધારવા માટે, કેન્દ્રિય સમાજે કયા સામાજિક અને કાયદાકીય પગલા લીધા?</u>

<u>જવાબ:</u>

a) <u>સામાજિક કર્યાવાહી:</u>

i) **<u>ભૂલ સુધારવાની શાંતિ પૂર્વક વિનંતી:</u>** કેન્દ્રિય સમાજને ઉપરોક્ત ઘટનાની જાણ થઈ ત્યારે, સમસ્યાનું શાંતિ પૂર્વક નિવારણ થાય તે હેતુથી, તરતજ કેન્દ્રિય સમાજના પ્રમુખ શ્રી ગંગારામભાઈએ, કેન્દ્રિય હોદેદારોની અને ટ્રસ્ટીઓની તત્કાળ મિટિંગ, નખત્રાણા મધ્યે તા. <u>૦૭-૦૯-૨૦૧૨ના</u> બોલાવેલ. જેમાં ખાસ શ્રી લધાભાઈ અને શ્રી શિવદાસભાઈને અચૂક હાજર રહેવા જણાવેલ. આ મિટિંગની ચર્ચામાં બન્ને ઉપરોક્ત ટ્રસ્ટીઓ સાથે આ વિષય ઉપર ચર્ચા કરતા તથ્યો સામે આવેલ. ત્યાર બાદ પ્રમુખશ્રીએ બન્ને ટ્રસ્ટીઓને જણાવેલ કે જે કૃત્ય થયેલ છે તે ખોટું થયું છે. પરંતુ મિલકત પાછી સમાજના નામે હતી તેમ તરતજ વિના-વિલંબે કરી નાખો, જેથી આ વિષય અહીં શાંતિ પૂર્વક પૂર્ણ કરી શકાય. જેમાં સમાજની અને આપ ટ્રસ્ટીઓની પણ ઈજ્જત સચવાઈ જાય. બાકી જો આમ કરવામાં નહિ આવે, તો નાછૂટકે સમાજના બંધારણની રૂએ સામાજિક અને કાયદાકીય રીતે, તેમની ફરજમાં આવતા પગલાઓ લેવા માટે તેઓ મજબુર હશે.

ii) **<u>આરોપી ટ્રસ્ટીઓનો જવાબ:</u>** શ્રી લધાભાઈએ મિટિંગમાં પોતાની રજૂઆતમાં એમ જણાવ્યું કે "મને ફોન પર કોઈકે ધમકી આપી અને મિલકત તબદીલના દસ્તાવેજો પર સહીં કરવા મજબુર કરેલ. તેથી મને સહી કરવી પડી." શ્રી શિવદાસભાઈ કોઈ સંતોષકારક જવાબ આપી શક્યા નહિ અને ગોળ-ગોળ વાતો કરી. ઉપરોક્ત બન્ને ટ્રસ્ટી શિવાય, નિર્માણ સમિતિના મહામંત્રી શ્રી ભવાનજી ભાણજી રામાણીને ત્યાર બાદ એજ મિટિંગમાં બોલાવેલ અને પ્રમુખશ્રીના પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવેલ કે "મને કેન્દ્રિય સમાજના આ બન્ને વડીલ ટ્રસ્ટીઓએ મિલકત ટ્રાન્સફરના પેપર ઉપર સહી કરવા જણાવેલ. પરંતુ મેં વિરોધ કરતાં તેઓએ મને આગ્રહ ભર્યો આદેશ કર્યો, જેથી મેં સહી કરેલ છે."

<u>નોંધ: મિલકત પાછી, જેમ હતી તેમ, સમાજના નામે કરી નાખવાના સમર્થનમાં, બન્ને ટ્રસ્ટીઓ તરફથી કોઈ સ્પષ્ટ વાત ન કરતાં, પોતાની અસમર્થતા બતાવેલ. આ અપ-કૃત્ય તો લગભગ ૬ મહિના પહેલાં ઘડાઈ ગયેલ હતું. એટલે હવે વધારાનો સમય આપવો એ બિન જરૂરી હતું અને આરોપી ટ્રસ્ટીઓની નિયત ઉપર વિશ્વાસ રાખી વધુ સમય આપવો એ સમાજ માટે હાની કારક અને જોખમથી ભરેલ હોવાના કારણે તાત્કાલિક કાર્યવાહી કરવી જરૂરી હતી. બન્ને ટ્રસ્ટી દ્વારા કોઈ સકારાત્મક પગલાં ન ભરવાના કારણે નાછૂટકે</u>

સમાજ પાસે હવે દંડાત્મક કાર્યવાહી કરવા શિવાય કોઈ રસ્તોજ ન રહ્યો. કારણકે કાયદાના દૃષ્ટિએ હોદેદારોની વ્યક્તિગત ફરજમાં દંડાત્મક કાર્યવાહી કરવાની આવે છે. તે વ્યક્તિગત ફરજથી ચુકી જવું અને કાયદાના ગુનેહગાર બનવું એ પણ અયોગ્ય છે. અને કોઈ પણ સમાજના કરતા-હરતા આવું નજ કરે.

છતાં એક તક આપવી એ જરૂરી છે, એમ સમજીને વકીલ મારફત તા. ૧૧-૦૯-૨૦૧૨ના જે નોટીસ નિર્માણ સમિતિના સભ્યોને આપવામાં આવી તેમાં ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે જો આ મિલકત ફરી પાછી સમાજના નામે કરી આપવામાં આવશે તો, આગળ કોઈ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે નહિ. આમ કરીને સમાજના મુખ્ય કરતા હરતા લોકોએ, સમાજમાં એકતા, સંપ, સંઘઠન અને શાંતિ જળવાઈ રહે તે માટે, આખરી સમય સુધી બધાજ પ્રયત્નો કરી, તેમની પોતાની ગંભીરતા, સુજ-બુજ અને પ્રતિબદ્ધતાનો અને સમાજ પ્રત્યે પોતાની સંપૂર્ણ જવાબદારીનો એક ઉચ્ચ દાખલો આપેલ છે.

iii) નિર્માણ સમિતિના સર્વે સભ્યોને વકીલની નોટીસ ગયા બાદ, સમાજના બીજા કાર્યકરતા વર્ગને આ કૃત્યની જાણ થઇ. નિર્માણ સમિતિના સભ્યોએ મોકલેલ નોટીસના જવાબો પરથી જાણવા મળ્યું કે નિર્માણ સમિતિના બધા સભ્યો આ કૃત્યમાં સંડોવાયલા નથી. અંદાજે ૧૫-૨૦ સભ્યો સિવાયના બાકીના સભ્યો આ બાબતથી અજાણ હતા અને એમણે સમાજના હિતમાં, સમાજની તરફેણમાં, પોતાના લેખિત જવાબો, સમાજના વકીલને મોકલી આપ્યા.

iv) આ વિષય પર વિસ્તૃત ચર્ચા કરી યોગ્ય નિર્ણય લેવા માટે કેન્દ્રિય સમાજના પ્રમુખ શ્રી ગંગારામભાઈએ તા.૨૫-૦૯-૨૦૧૨ના નખત્રાણા મધ્યે એક "તાકીદ"ની કારોબારી સભા બોલાવેલ. જેમાં ઉપરોક બન્ને ટ્રસ્ટી શ્રીઓને પણ બોલવામાં આવેલ, છતાં ખોટા બહાના બતાવીને આટલી મહત્વની મિટિંગમાં તેઓ હાજર રહેલ નહોતા. વિચારવાની વાત છે કે જો તેઓ સાચા હોત, તો જે સભામાં, તેમના વિરુદ્ધ દંડાત્મક કાર્યવાહી થવાની શક્યતા હતી, તેમાં તેઓ પોતાની સાચી વાત રજુ કરત અને પોતાનો બચાવ કરી શકત.

v) આ સભામાં વિસ્તુત ચર્ચા થઇ. માંડવી હોસ્ટેલની મિલકત જે બીજા ટ્રસ્ટમાં ગેર કાયદેસર રીતે તબદીલ કરવા માટે જવાબદાર જે કેન્દ્રિય સમાજના બન્ને ટ્રસ્ટીઓ છે, તેને બંધારણની રૂએ અપ્રમાણિક જાહેર કરવા, એવું દરેક સભ્યોનું ભારપૂર્વક સુચન આવેલ અને લાભાર્થી ટ્રસ્ટના બાકી ટ્રસ્ટીઓ, કે જેઓ કેન્દ્રિય સમાજના સભ્ય છે, તેમનું કેન્દ્રિય સમાજનું સભ્ય પદ રદ કરવાના પણ સુચનો આવેલ. જેને સભાએ સર્વાનુમતે સ્વીકારીને અમલમાં લીધેલ.

vi) આ સામાજિક કાર્યવાહી ઉપરાંત દરેક સભ્યોએ જણાવેલ કે આ કૃત્યોમાં સંડોવાયેલ ઉપરોક્ત દરેક વ્યક્તિઓ વિરુધ કડકમાં કડક કાયદાકીય કાર્યવાહી પણ કરવામાં આવે.

b) **કાયદાકીય પગલાં:**

i) સમાજના વકીલશ્રીની નોટીસના અનુસંધાને, પ્રથમ, લાભાર્થી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વિરુધ માંડવી પોલીસ સ્ટેશનમાં સમાજની મિલકત, ગેર કાયદેસર રીતે તબદીલ કરવા બદ્દલ, કેન્દ્રિય સમાજ સામે થયેલ બદ-ઈરાદા પૂર્વક છેતરપીંડી અંગે લેખિત ફરિયાદ **તા. ૦૫-૧૦-૨૦૧૨ના** કરવામાં આવી.

ii) આ કાંડમાં સંડોવાયલા સરકારી અને બિન-સરકારી મુલાજીમો સામે પણ કાયદાકીય પગલાં લેવાઈ રહ્યા છે.

14. જો શ્રી લધાભાઈએ મજબુરીમાં સહી કરી હોય, તો શું તેવા સંજોગોમાં, તેમના વિરુધ દંડાત્મક કાર્યવાહી કરવી એ યોગ્ય છે?

જવાબ: આ કાંડ/પ્રકરણ ખુલ્લું પડ્યા બાદ, શરૂઆતમાં, શ્રી લધાભાઈએ, તેમને મળેલ ધાક ધમકીના દબાણમાં આવીને પોતે સહી કરેલ છે, તેવી વાત કરતા હતા. જે હવે નથી કરી શકતા. કારણ કે સમાજને એક વસ્તુની પૂરે પૂરી જાણ થઇ ગઈ કે આ પ્રકરણમાં શ્રી લધાભાઈ શરૂઆતથીજ અગ્રેસર ભૂમિકામાં રહ્યા છે. આ મુદ્દાના પુરાવા રૂપે, એક હકીકત એમ છે કે, શ્રી લધાભાઈએ, પોતાના લેટર-હેડ ઉપર પોતાના સ્વહસ્તે એક પત્ર નિર્માણ સમિતિને ઉદ્દેશીને **તા. ૦૧-૦૨-૨૦૧૨**નો (મિલકત તબદીલ થયાથી ઘણો સમય પહેલાં) લખેલ છે. જેની વિગત સ્પષ્ટ દર્શાવે છે કે તેમના દ્વારા રચવામાં આવેલ પાટીદાર સર્વોદય ટ્રસ્ટમાં નિર્માણ સમિતિનું એકત્રિકરણ કરવાનો ઠરાવ પાસ કરવાનો આગ્રહ તેઓ સ્વયં કરે છે. આથી એ બાબત નિશંકપણે પુરવાર થાય છે કે તેમની પહેલી કહેવાતી મળેલ ધાક-ધમકીવાળી વાત ઉપજાવી કાઢેલ છે અને તદ્દન જુઠ્ઠી છે. તેમના આ જુઠ્ઠાણા પાછળ, સમાજને નુકસાન પોચાડવાનો તેમનો બદ-ઈરાદો છુપાવવાના પ્રયત્ન શિવાય, કોઈ બીજો મકસદ હોઈ ન શકે. એ પત્ર પુરવાર કરી આપે છે કે શ્રી લધાભાઈ ભલે ગમે તેમ બોલે પણ તેમનું વર્તન સમાજ પ્રત્યે "અપ્રમાણિક" છે. હવે આવા માણસો પર સમાજ કેવી રીતે ભરોસો કરી શકે?

15. કરતા હરતાઓથી ભૂલ થાય, તેને સુધારવાની તક મળવી જોઈએ, એ વણલખ્યો નિયમ છે, અને સમાજ તક આપી રહી છે, તો પછી વાંધો ક્યાં પડ્યો?

જવાબ: દુઃખની વાત છે કે સમાજના આવા વરિષ્ઠ ટ્રસ્ટીઓ કે જેઓએ સમાજમાં ઘણા વર્ષો સેવા આપી અને ઘણા મોટા દાનો આપ્યા, તેવા લોકો આ કૌભાંડમાં સીધી રીતે સંડોવાયલા છે. સમાજે તેમને પ્રેમથી બોલાવી અને બંધ બારણે વિનંતી કરી કે તમે આ ભૂલને સુધારી નાખો. મિલકત જેમ હતી તેમ પછી ફેરવી નાખો. પણ કોણ જાણે શા માટે શ્રી લધાભાઈ જેવા વ્યક્તિ જાહેરમાં હા પાડીને, પછી પાછળથી ફરી જાય છે. તેમને.સમાજની મિલકત જેમ હતી તેમ પાછી સમાજના નામે કરવા માટે કોણ રોકી રહ્યું છે? તેનો જવાબ તો તેઓ સ્વયંજ આપી શકે. પણ જ્યાં સુધી મિલકત સમાજના નામે ન થાય, ત્યાં સુધી તેઓ સમાજના ગુનેહગાર તો ખરા ને? હવે ભૂલ સધારવાની તક આપ્યા બાદ જો આરોપીઓ ભૂલ ન સુધારે, તો પછી છેલ્લે સમાજે શું કરવું જોઈએ? જવાબ તમે પોતે વિચારજો.

16. અત્યાર સુધી જે પ્રશ્નોના જવાબો મળ્યા તેનાથી ચોખ્ખે-ચોખ્ખું સમજાઈ આવે છે કે કેન્દ્રિય સમાજ આ મુદ્દે સાચી છે. તો પછી તા. ૦૧-૧૨-૨૦૧૨ની, ઘાટકોપર પાટીદાર વાડી મધ્યે, મુંબઈ ઝોને બોલાવેલ સામાન્ય સભામાં કોઈએ જનતા સામે આ વાતનો ખુલાસો કેમ ન કર્યો?

જવાબ: કેન્દ્રિય સમાજના પ્રમુખ શ્રી ગંગારામભાઈ અને એમના સાથી હોદેદારો, તેમની પ્રણાલિકા પ્રમાણે અગાઉ ૧૧ ઝોનની મુલાકાત લઈ ચુક્યા હતા અને તેજ પ્રણાલિકા પ્રમાણે મુંબઈ ઝોનની મુલાકાતે આવ્યા હતા. કેન્દ્રિય સમાજના હોદેદારો મુંબઈ આવશે તો, સમાજ દ્રોહનું દુષ્કૃત્ય કરવાવાળા લોકોની પોલ ખુલ્લી પડી જશે. તે માટે વિઘ્નસંતોષી લોકો સંગઠિત થઈને પૂર્વ તૈયારી કરી. સમાજના લોકો કે જેઓ આ મુદ્દે અજાણ હતા, તેમને ભરમાવ્યા અને તેમની સામે કેન્દ્રિય સમાજ અને આપણા મુંબઈ ઝોન વિરુધમાં તદ્દન ખોટી રજુઆતો કરી. કેન્દ્રિય સમાજના લોકો મુંબઈના સંઘઠનને તોડવા આવ્યા છે... માટે, ગમે તેમ કરીને તેમને અટકાવવાની આપણી ફરજ છે... આવી વાતો કરીને લોકોના મનમાં ઉશ્કેરાટ ભરી દીધો. જે સભામાં હાજર રહેલ દરેક વ્યક્તિને જણાઈ આવેલ હતું. જેનાથી આપ સૌ પણ વાકેફ હશો.

કેન્દ્રિય સમાજ તેમજ મુંબઈ ઝોનના અગ્રણીઓ સાથે ચર્ચા કરવા વિઘ્નસંતોષી લોકો વતીથી શ્રી રવિલાલ કેશરા રામજીઆણી, શ્રી કાંતિભાઈ નારણ સેંઘાણી, વગેરે લોકોએ આ સભા શરુ થાય તે પહેલાં, સભા હોલની પાછળના એક રૂમમાં એક મિટિંગ કરી. જેમાં તેઓએ એવી બાહેંધરી આપતા રજૂઆત કરી કે આપણે આ માંડવી હોસ્ટેલવાળો પ્રશ્નન શાંતિથી સામ-સામે બેસીને ઉકેલ લાવશું. આજની સભા શાંતિથી પતવા દો, આપણે ૧૫ દિવસની અંદર ફરી પાછા મળશું અને પ્રેમથી આ ભૂલ જે થઈ ગઈ છે, એનો સંતોષ કારક નિવેડો લાવશું. સમાજ અને વિઘ્નસંતોષી પક્ષો તરફથી લોકોને ભેગા કરવાની, જે તે લોકોને, જવાબદારીઓ દેવામાં પણ આવી. સભાને શાંતિ પૂર્વક ચલાવવાની બાહેંધરી પણ બન્ને પક્ષો તરફથી આપવામાં આવેલ હતી. સમાજના અગ્રણીઓએ ખુબજ ગંભીરતા પૂર્વક વિચાર કર્યા બાદ તેમને લાગ્યું કે જો શાંતિપૂર્વક ઉકેલ આવતો હોય, તો આવા ઉકેલ માટે મોકો આપવો જોઈએ. સમાજમાં પ્રેમ, એકતા, સંપ, સંઘઠન અને શાંતિ જળવાઈ રહે તે હેતુથી, સમાજે બાહેંધરી આપેલ હતી.

સમાજે ઉપર આપેલ બાહેંધરી મુજબ સભાની શરૂઆત શાંતિથી કરેલ. ત્યારે બીજી બાજુના ભાઈઓ, એટલે કે વિઘ્નસંતોષી ભાઈઓ, સમાજના અગ્રણીઓની આ શાંતિની વિચારધારને તેમની કમજોરી સમજ્યા અને તેઓ દબાણમાં છે, તેવું સમજી લઈને, વિઘ્નસંતોષી લોકોના આગેવાનોએ લોકો સામે ઉશ્કેરાટ ભરી તદ્દન ખોટી વાતો કરીને, સભાને ચલાવવા ન દીધી. શાંતિથી સભા ચાલવા દેવાની જે બાહેંધરી સમાજના અગ્રણીઓને વિઘ્નસંતોષી લોકોએ આપેલ હતી, તેનો ફાયદો લઈને, તેમજ અગ્રણીઓને અંધારામાં રાખી, તેમની સાથે એટલે કે સમાજ સાથે, ધોખો કરવામાં આવ્યો.

મુંબઈ ઝોનના અને કેન્દ્રિય સમાજના અગ્રણીઓએ સાથે મળીને જે કાર્ય કરવા ધરેલ, તે કાર્યમાં આ વિઘ્નસંતોષીઓએ જબરી ખલેલ પોહ્ચાડી, સભાની કાર્યવાહી એજેંડા પ્રમાણે, જબરદસ્તી કરી ચલાવવાજ ન આપી. સાથે-સાથે બેહૂદું વર્તન કરીને તનાવ પૂર્ણ વાતાવરણ ઉભું કરેલ. ચાલુ મિટિંગે માઈક પોતાના કબજામાં લઈને, નિમ્ન કક્ષાની હેકડતા વાપરીને, એમનાજ વલણના ૩-૪ વિઘ્નસંતોષી ભાઈઓને વકતવ્ય રજુ કરવા આપેલ. જેઓએ માંડવી હોસ્ટેલ બાબત ધમકી ભરી રજૂઆત કરેલ અને જણાવેલ કે આ વિષય માંડવીનો છે તો ત્યાંજ તેની ચર્ચા કરાય અને મુંબઈમાં આ વાત કરશો તો આના પરિણામ સારા નહિ આવે. તેની કેન્દ્રીય સમાજ નોંધ લે. તદઉપરાંત, કેન્દ્રિય સમાજના મંત્રી શ્રી વાલજીભાઈ ચૌહાણને, આ વિષય પર, શાંતિ પૂર્વક સમાધાન માટેની જે સમાજ દ્વારા આજ સુધી કોશિશો કરવામાં આવેલ હતી, તેની રજૂઆત ટૂંકમાં પણ કરવા આપેલ ન હતી. જે થી આમ પ્રજાને સાચી હકીકતથી વાકેફ કરી શક્યા નહોતા. મંચ ઉપર બેઠેલા વિઘ્નસંતોષી લોકો અને તેમના સાથીદારો વારે ઘડીએ પોતાની જગ્યાએથી ઉભા થઈ, લોકોમાં ઉશ્કેરાટ ભરવા જેવું વર્તન કરી, પોતાની ઉદ્ધતાઈનો પરિચય આપતા હતા.

સાથે સાથે, આ સભામાં, સંખ્યા બળના હેતુથી, દૂર-દુરથી, બોહળી સંખ્યામાં સતપંથના ભાઈઓ કે જેઓ સમાજના સભ્યો પણ નથી અને તેમને આ સમાજથી કોઈ લેવા દેવા નથી, તેઓ પણ આ સભામાં હાજર રહેલ હતા/હાજર રાખવામાં આવેલ હતા. અને વિઘ્નસંતોષી લોકોની સાથે મળીને સભામાં ખલેલ પહોંચાડી રહ્યા હતા. કેન્દ્રિય સમાજના પ્રમુખને પણ બહુજ ટૂંકમાંજ વક્તવ્ય પૂરું કરવાની ફરજ પાડી હતી. એટલા માટે પ્રમુખશ્રીએ બહુ દુઃખ સાથે જણાવ્યું કે અત્યારે આપ લોકોની સત્ય હકીકત સાંભળવાની ક્ષમતા દેખાતી નથી. તેથી હું મારું વક્તવ્ય લેખિત રૂપે ઝોનના પ્રમુખને મોકલાવીશ.

આ કારણો સર મુંબઈ ઝોનના લોકોને સત્ય હકીકતથી વાકેફ કરાવી શકાયા નહિ. ખરે ખર આ એક સારો મોકો હતો કે જે સભામાં બન્ને પક્ષના જવાબદાર ભાઈઓ હાજર હતા, જેથી જાહેરમાં સામે સામે પ્રશ્નોતરી કરી, લોકો સમક્ષ બધા મુદ્દાઓ પર ખુલાસા થઈ શકત અને સત્ય વાત લોકો સારી પેઠે સમજી શકત. પણ દુર્ભાગ્યે જયારે એક પક્ષ આ માટે તૈયાર હતો, ત્યારે બીજા પક્ષે આનાથી બચવા માટે દાદાગીરી વાપરીને સભાને ચાલવા ન દીધી.

<u>**નોંધ:**</u> દાદાગીરી અને જોહુકુમી એટલી હદે હતી, કે સભા પૂરી થયા બાદ, સતપંથના ભાઈઓને સાથે રાખીને, અમુક સનાતની વ્યક્તિઓ પર શારીરિક હુમલો કર્યો. જેની પોલીસ ફરિયાદ પણ કરવામાં આવેલ છે.

17. <u>શું આ પ્રશ્ન ખરે-ખર માંડવી વિસ્તાર પુરતો માર્યાદિત છે કે કેન્દ્રિય સમાજનો છે?</u>

<u>**જવાબ:**</u> આ પ્રશ્ન ખરે ખર દુઃખદ આશ્ચર્ય ઉપજાવે એવો છે. માંડવી હોસ્ટેલવાળી મિલકત નિર્વિવાદ રીતે કેન્દ્રિય સમાજની છે. અને કેન્દ્રિય સમાજનો વ્યાપ આખાય ભારતભરમાં ફેલાયલો છે. અને મુંબઈ ઝોન તેમાં સમાવિષ્ટ છે. એક બાબત બહુંજ સ્પષ્ટ છે કે જયારે કેન્દ્રીય સમાજ પ્રેરિત કોઈ પણ યોજનાઓ હાથ ધરવામાં આવતી હોય છે, ત્યારે મદદ માટે સમસ્ત સમાજ-જનો પાસે ટહેલ નાખવામાં આવે છે. જેમાં કોઈ પ્રાદેશિક (પ્રાંતવાદ/પાંચાડાવાદ) ભેદભાવ રાખવામાં આવતા નથી. હવે આ હોસ્ટેલના નિર્માણ કાર્યમાં મુંબઈ ઝોનનો બધીજ રીતે સર્વાંગિક સહયોગ હોવાથી અને અચાનક આ અંગે અડચણો ઉભી થવાથી એની ચર્ચા અને સત્ય માહિતીઓ મુંબઈ ઝોનના સભ્યો સમક્ષ શું મૂકવી જરૂરી નથી? શું એ અયોગ્ય છે? કે અસ્થાને છે?

હવે વાત કરીએ, આ વિષય અંગેની રજુઆતો થતી અટકાવવા પાછળના ઈરાદાની. આ દુષ-કૃત્યમાં સીધી અથવા આડકતરી રીતે સંડોવાયલી વ્યક્તિઓનો સ્પષ્ટ પ્રયાસ હતો કે સત્ય હકીકતો, જો બાહર આવશે અને સમાજ જનોને જાણ થશે, તો તેમની રહી સહી આબરૂ પણ ધૂળ ધાણી થઇ જશે.

18. <u>માંડવી હોસ્ટેલ કૌભાંડની સાચી હકીકતોથી, સમાજના આમ જનોને વાકેફ કરવા, શું કોઈ સમાજ કે સંસ્થા દ્વારા કોઈ પ્રયત્ન કરવામાં આવેલ?</u>

<u>**જવાબ:**</u>

a) આ બાબત પ્રથમ, મુંબઈ ઝોનના પ્રમુખશ્રીએ કારોબારી સભ્યો, મુંબઈ ઝોનમાં આવતી દરેક સમાજના આગેવાનો તેમજ આમંત્રિતોની એક સભા, મુંબઈ ઘાટકોપર પાટીદાર વાડી મધ્યે, <u>તા. ૧૮-૦૯-૨૦૧૨ના</u> બોલાવેલ. આ સભામાં ખાસ કરીને મુંબઈ ઝોનમાં વસતા નિર્માણ સમિતિના તેમજ જે ટ્રસ્ટમાં હોસ્ટેલની મિલકત તબદીલ કરી દેવામાં આવેલ, તે શ્રી પાટીદાર સર્વોદય ટ્રસ્ટના ટ્રસ્ટીઓને ખાસ હાજર રહેવા આગ્રહ ભરી વિનંતી કરવામાં આવી. તેથી આ સભામાં એવા સભ્યોની હાજરી ખુબ સૂચક હતી.

b) આ સભામાં માંડવી હોસ્ટેલની મિલકત બીજા ટ્રસ્ટમાં તબદીલ થઇ ગયેલ, તેની વિગત વાર જાણ લોકોને કરવામાં આવેલ. ત્યાર બાદ, આ સદર્ભમાં, સભામાં હાજર, નિર્માણ સમિતિના સભ્યો અને શ્રી પાટીદાર સર્વોદય ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓએ, તેમના દ્વારા બની ગયેલ ઘટના અંગે ખેદ વ્યક્ત કરેલ અને ભૂલ થયાની લેખિત કબુલાત પણ કરેલ. અને સમાજ સાથે રહી, સંપૂર્ણ સહકાર આપી, આ ભૂલને સંપૂર્ણ સંતોષકારક રીતે સુધારી આપવાની બાહેંધરી આપેલ. નિર્માણ સમિતિના અમુક હાજર રહેલ સભ્યોએ થયેલ ઘટના અંગે દુખદ લાગણી વ્યક્ત કરેલ અને પોતે આ બાબત અંગે સંપૂર્ણ પણે અજાણ અને નિર્દોષ હોવાનો લેખિત ખુલાસો કરેલ છે. અને વધુમાં ખાતરી આપેલ કે અમો કેન્દ્રિય સમાજની સાથેજ છીએ અને સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપીએ છીએ.

c) આ સભામાંજ, હોસ્ટેલના દુષ્કૃત્યમાં આડકતરી રીતે સંડોવાયલા નિર્માણ સમિતિનાજ જવાબદાર ભાઈઓએ એમ રજૂઆત કરેલ કે આ માંડવી વિસ્તારનો પ્રશ્ન છે, તો તેની ચર્ચા કચ્છમાંજ થવી જોઈએ. આજ વિષયમાં <u>તારિક ૨૩-૦૯-૨૦૧૨ના</u> શ્રી કંઠી વિભાગ કચ્છ કડવા પાટીદાર લક્ષ્મી નારાયણ સનાતન સમાજ દ્વારા સમસ્ત કચ્છ જીલ્લાના આપણા સનાતની ભાઈઓને આમંત્રણ આપીને એક જાહેર સભા, મોટી રાયણ ગામમાં, આયોજિત કરેલ. જેની "કચ્છ મિત્ર"માં આમંત્રણની જાહેરાત કરવામાં આવેલ હતી અને માંડવી વિસ્તારના દરેક ગામના પ્રમુખ-મંત્રીને અલગથી જાણ પણ કરવામાં આવેલ હતી.

d) રાયણમાં આયોજિત આ સભામાં લગભગ ૧૮૦૦-૨૦૦૦ જેટલા સનાતની જ્ઞાતિજનો હાજર રહેલ. આ સભામાં પ્રથમ, માંડવી હોસ્ટેલ કૌભાંડ અંગે લોકોને વિગતવાર માહિતી રજુ કરવામાં આવેલ હતી. હકીકત જાણીને લોકો સ્તબ્ધ થઈ ગયા. આ સભામાં નિર્માણ સમિતિના મહામંત્રી અને શ્રી પાટીદાર સર્વોદય ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી ભવાનજી ભાણજી રામાણીએ આ બાબતમાં પ્રકાશ પાડ્યો. જે ઘટના બની, એની વિગત વાર છણાવટ કરેલ. તેમના ખુલાસાના કારણે મુંબઈની સભામાં શ્રી લધાભાઈનું રજુ થયેલ વક્તવ્ય અને ભવાનજીભાઈએ રજુ કરેલ હકીકતમાં બહુ મોટો વિરોધાભાસ દેખાઈ આવતો હતો. ભવાનજીભાઈ એ સામાજિક દલીલ અને પ્રશ્નોતરીના અંતે, તેમની ભૂલ કબૂલ કરેલ હતી. અંતે ભવાનજીભાઈએ સમાજ સાથે રહી સંપૂર્ણ સાથ સહકાર આપવાની લેખિત બાહેંધરી આપેલ હતી. ત્યાર બાદ સભામાં હાજર, સમાજના અગ્રેસર વડીલોએ આ ઘટના બદલ દુઃખદ આશ્ચર્ય વ્યક્ત કરેલ હતું. અને જવાબદાર ભાઈઓને જાહેર મંચ દ્વારા વિનંતી કરેલ કે ભૂલ સુધારી નાખો, જેથી સમાજની ઈજ્જત સચવાઈ રહે અને સંપ-સંઘટન મજબુત બની રહે.

<u>**નોંધ:**</u> નિર્માણ સમિતિના, મુંબઈ વસતા, જે અમુક ભાઈઓ, આ વિષયની ચર્ચા કચ્છમાંજ કરવાનો આગ્રહ રાખતા હતા, તેઓ સર્વે જવાબદાર ભાઈઓ, રાયણની સભા દરમ્યાન, કચ્છમાંજ હાજર હોવા છતાં, આ સભામાં ઈરાદા પૂર્વક ગેર હાજર રહેલ. કારણ કે જાહેરમાં સત્ય હકીકતનો સામનો કરવાની નૈતિક હિંમત તેમનામાં નથી, તે વાત અહીં સ્પષ્ટ થાય છે.

19. <u>**માંડવી હોસ્ટેલ કૌભાંડનું દુષ્કૃત્ય પાછળના લોકો પોતાના બચાવ માટે શાનો મુખ્ય સહારો લઈ રહ્યા છે? અને તેની પાછળના તથ્યો શું છે?**</u>

<u>જવાબ:</u>

a) માંડવી હોસ્ટેલ કૌભાંડના જવાબદાર ભાઈઓ, પોતાના દુષ્કૃત્યને સાચું ઠરાવવા માંડવી અને મુંબઈ વિસ્તારમાં એવો ખોટો અને પાયા વિહોણો પ્રચાર કરી રહ્યા છે કે અમોએ જે કર્યું છે, તે કાયદાને અનુરૂપ કરેલ છે. કોઈ ખોટું કામ કરેલ નથી. અને માંડવી હોસ્ટેલવાળી મિલકત નિર્માણ સમિતિનીજ માલિકીની છે. જેમાં કેન્દ્રિય સમાજને કોઈ લેવા દેવા નથી. ઉપરાંત અમો આપણા વિસ્તારમાં હાઈ સ્કુલ બનાવવા માંગતા હોઈ, તેના માટે જરૂરી નવું સાર્વજનિક ટ્રસ્ટ બનાવેલ છે. તેમાં નિર્માણ સમિતિની મિલકત એટલે કે માંડવી હોસ્ટેલની મિલકત તબદીલ કરેલ છે. પહેલાં નિર્માણ સમિતિ સંચાલન કરતી હતી હવે નવું ટ્રસ્ટ કરશે.
(નોંધ: ઉપરોક બચાવવાળી રજૂઆત તદ્દન સચ્ચાઈથી વેગળી છે. સાચી વાત જાણવા માટે જુઓ બિડાણ ક્ર. ૩ અને ૪, જેમાં નિર્માણ સમિતિના પ્રમુખ અને મહામંત્રી દ્વારા આમ જનતાને મોકલવામાં આવેલ નિમંત્રણ પત્રિકાઓ [૨૦૦૫ (બીડાણ ક્ર ૩) અને ૨૦૦૭ (બીડાણ ક્ર ૪)] માં સ્પષ્ટ નિર્દેશ કરેલ છે કે માંડવી હોસ્ટેલની મિલકત કેન્દ્રિય સમાજ દ્વારા ખરીદાયેલ છે.)

b) ભવિષ્યમાં જયારે માંડવી હોસ્ટેલ કૌભાંડની પોલ જનતા સમક્ષ ખુલ્લી પડે, ત્યારે તે કૌભાંડને વાજબી ઠરાવવાના હેતુથી, કૌભાંડ પાછળના જવાબદાર ભાઈઓ દ્વારા આગાઉથીજ, પૂર્વ તૈયારીના રૂપે, લોકોની સહાનુભુતી *(તેઓ લોકોના સાચા હિત ચિંતક છે, અને આ કાંડ લોકો માટે તેઓએ કર્યું છે, તેવી તેમની જુઠ્ઠી વાતો લોકો સહેલાઈથી પચાવી શકે તે માટે)* પોતાની તરફ પહેલીથી મેળવી લેવાના હેતુથી, કેન્દ્ર સમાજ વિરુધ ખોટો પ્રચાર કરી રહ્યા છે. જેમ કે નખત્રાણાવાળા ભાઈઓ આપણા માંડવી વિસ્તારને વર્ષોથી અન્યાય કરી રહ્યા છે. હવે સહન નથી થતું. આપણે પ્રગતિ કરી રહ્યા છીએ, તેનાથી તેઓ ખુશ થતા નથી. એટલા માટે નખત્રાણાવાળાઓ આપણને આપસમાં ઝગડાવે છે અને આપણી આવી સારી પ્રગતિને અટકાવી રહ્યા છે. અમો હાઈ-સ્કુલ બનવવા માંગીએ છીએ પણ તે કરવા નથી આપતા. અને નખત્રાણા મધ્યે સમાજમાં આપણને પૂરતું પ્રતિનિધિત્વ પણ નથી આપતા. આવો ખોટો પ્રચાર કરીને લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. વધુમાં આવા જુઠ્ઠાણા ભર્યા મુદ્દાઓને લઈને અગાઉ <u>તા.૨૩-૦૭-૨૦૧૨ના</u> વાંઢાય મધ્યે "પૂર્વ કચ્છ પાટીદાર <u>**સનાતન**</u> એકતા મંચ"ના નામે સભા બોલાવીને કેન્દ્રિય સમાજથી છેડો ફાડીને પોતાની અલગ સમાજ રચવાની પેરવી કરવાના હીન-પ્રત્યનો કરવામાં આવ્યા હતા, જે લોક જાગૃતિના કારણે નિષ્ફળ પુરવાર થયા. હવે આજ પ્રમાણેની યોજના મુંબઈ ખાતે અજમાવવા "કચ્છ કડવા પાટીદાર એકતા મંચ, મુંબઈ"ના નામે એક સમાજ વિરોધી સંઘઠન ઉભું થઈ રહ્યું છે, <u>**જેમા "સનાતન" શબ્દનો છેદ ઉડાડી અને સતપંથના ભાઈઓને સાથે રાખી સંગઠન બનાવી રહ્યા છે**</u>.

<u>નોંધ:</u> સમાજ વિરુધ દુષ્કૃત્યો આચરનાર સમાજના ઘણા આગેવાનોનું સામાજિક પદ, તેમની પ્રતિષ્ઠા, માન મર્યાદા અને આબરુ લોકોની નજરમાં સાવજ ઉતરી જતાં, તેઓ જે મૂળભૂત રીતે, સામાજિક સત્તા અને વિવિધ પદો ભોગવવાના આદિ બની ચુક્યા છે, તેઓને પોતાની ખુરશી બચાવવાનો, હવે કોઈ રસ્તો સુજતો ન હોવાથી, યેન કેન પ્રકારે, પોતાનું સામાજિક અસ્તિત્વ ટકાવી રાખવા માટે, છોડી દીધેલા સતપંથીઓને પાછા ગળે લગાવી, માંડવી વિસ્તારની સનાતની સમાજને તોડવાના ભયંકર પાપના ભોગે, એક નવો મંચ ઉભો કરી રહ્યા છે. જેથી એમની મેલી મુરાદને ઓળખવી અત્યંત જરૂરી છે.

20. એક વાક્યમાં સમજાવો કે આ મુદ્દે કોણ સાચું અને કોણ ખોટું?

જવાબ: એક પક્ષ કહે છે કે મિલકત સમાજની છે અને સમાજને સોંપી દો. બીજો પક્ષ જાણે એમ કહે છે કે મિલકત અમારી છે, પાછી લઈને તો બતાવો. આના પરથી તમે પોતેજ સમજીલો કે કયો પક્ષ સાચો છે અને કયો પક્ષનો અંગત સ્વાર્થ છે.

21. આ વિષય પર દસ્તાવેજી પુરાવાઓ અને વધુ જાણકારી ક્યાં મળશે?

જવાબ: અમુક મુખ્ય દસ્તાવેજો અહીં જોડેલ છે. આ વિષય પર બધાજ દસ્તાવેજો સમાજ પાસે ઉપલબ્ધ છે. સભાઓની વિડિઓ રેકોર્ડીંગ પણ ઉપલબ્ધ છે. ઘણા સમાજના આગેવાનો પાસે આ દસ્તાવેજોની પ્રત પણ મળશે. ઈન્ટરનેટ પર સભાની વિડિઓ રેકોર્ડીંગ પણ જોવા મળે છે.

22. સંદેશો:

વાત ફક્ત માંડવી હોસ્ટેલ કૌભાંડની નથી. વાત છે સમાજમાં અમુક વિઘ્નસંતોષી લોકોની કે જેઓ પોતાના અંગત સ્વાર્થ અને અહમ પોસવા માટે, આપણી સનાતની સમાજને તોડવાની પેરવી કરી રહ્યા છે. તે માટે તેઓ એકતા મંચ, માંડવી હોસ્ટેલ કૌભાંડ, યક્ષની નદીથી પૂર્વની એક અલગ સમાજ ઉભી કરવાના પ્રયાસો, વગેરે વગેરે, અન્ય રીતે પોતાનું અસ્તિત્વ ટકાવવા માટે સતત પ્રયત્નો કરી રહ્યા છે.

આવા લોકો સમાજમાં ક્યારે ફાવે? એ ત્યારે ફાવી શકે કે જયારે આપણે નિષ્ક્રિય રહીએ. ભલે બીજું આપણાથી કંઈ થાય કે ન થાય. પણ સમાજની સભાઓમાં માત્ર હાજરી તો આપી શકીએને! કમસે કમ, સમાજનું હિત અને નીતિમત્તા ટકાવવા માટે જે લોકો ભોગ આપતા હોય, તેમને પ્રોત્સાહિત તો કરી શકીએને! ખરે ખર સમાજમાં જો સાચા માણસો સક્રિય રહે તો, આવા કૌભાંડ કરનાર લેભાગુ, વિઘ્નસંતોષી, સત્તાના લાલચુ વગેરે લોકો ફાવી નજ શકે. આ માંડવી હોસ્ટેલ કૌભાંડના ષડયંત્રનું મૂળ કારણજ આપણી નિષ્ક્રિયતા છે. આપણી હાજરી, આવા વિઘ્નસંતોષી લોકો, કે જે સનાતની સમાજને તોડવા પાછળ પડ્યા છે, તેવા લોકોને અટકાવવા માટે બહુ મૂલ્યવાન છે. સભામાં આપણી હાજરી હશે તો તેવા લોકો તેમના જુઠ્ઠાણાઓ ચલાવી નહિ શકે. માટેજ આપણી સમાજના હિતમાં કામ કરનાર લોકોનું મનોબળ જળવાઈ રહે તે માટે હાજરી આપવાની પવિત્ર અને નૈતિક ફરજ આપણી બધાની છે.

અસ્તુ.

ગંગારામ હીરાલાલ સંખાલા
પ્રમુખશ્રી, શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

બિડાણ ક્ર: ૧

વાર્ષિક સામાન્ય સભા.

[illegible] તા. ૨૯. ૮. ૯૧
નખત્રાણા.

(૨)

મંત્રી શ્રી [illegible]ભાઈ નારાયણ પટેલ

નખત્રાણા કન્યા છાત્રાલય ના ફાળા નોંધ આજ સુધી કુલ ૪૧ રૂમ ના નોંધણી થઈ ગયેલ છે [illegible] ૨૯૬ નોંધાયેલ છે. [illegible] ૨૫ નોંધાયેલ છે. કુલ ફાળો નોંધાયેલ ૩૯,૩૩,૦૦૦/ નોંધાયેલ છે. જેમાંથી વસુલ આવેલ રૂ. ૨૪,૪૨,૦૦૦/ બાંધકામ માં વપરાયેલ રૂપિયા ૨૧,૦૦,૦૦૦/- આ બાંધકામ પુરૂ થયે [illegible] બાજુમાં સમાજ વાડી ના બાંધકામ નું કામ ચાલુ કરવામાં આવશે. જે કામનો અંદાજે ૧૦ લાખ છે.

[illegible]ભાઈ [illegible] પટેલ [illegible]

સામાન્ય સભા [illegible] [illegible] ઠરાવ થયો અને માંડવી હોસ્ટેલ બાંધકામ માટે જે કાર્યવાહી શરૂ કરવામાં આવેલ એ માટે આનંદ [illegible] થયો. નખત્રાણા કન્યા છાત્રાલય માટે [illegible] ફાળો નોંધ શરૂ થયેલ જે હવે પુરૂ થવા આવે છે. ગાંધીધામ માં હોલ બનાવવાની માંગણી [illegible] ત્યાં કામ [illegible] હોય છતાં ફંડ [illegible] પરંતુ આ અંગે [illegible] સંસ્થા હોવાથી આ અંગે જે રજુઆત થયેલ તેને આગળ [illegible] કારોબારી [illegible] બાંધકામ અને ફંડ ઉઘરાવવાની [illegible]

પ્રમુખશ્રી પ્રેમજીભાઈ પુંજાભાઈ

માંડવી વિભાગની કારોબારી સભા અને ફંડ ઉઘરાવવાની વ્યવસ્થા [illegible] કાર્યવાહી [illegible] રહી [illegible] ની પરવાનગી આપવામાં આવે છે

આજ ઠરાવવા માં આવે છે કે. કચ્છ કડવા પાટીદાર સમાજ માંડવી-કચ્છ સંચાલિત વિદ્યાર્થી હોસ્ટેલ નું નવું બાંધકામ કરવાનું રહેશે આ બાંધકામના વ્યવસ્થા માટે તેમજ જરૂર પડે વધારાની [illegible] માટે બાંધકામ ના ટેન્ડર [illegible] માટે ટેન્ડરો મંજુર કરવા માટે ફંડ ઉઘરાવવા માટે અને હોસ્ટેલ નું સંપૂર્ણ કામકાજ પુરૂ થયે [illegible] વ્યવસ્થા કરવા [illegible] વિગેરે માં [illegible] [illegible] સાથે કચ્છ કડવા પાટીદાર સમાજ વિદ્યાર્થી છાત્રાલય નિર્માણ સમિતિ માંડવી-કચ્છ ને સંપૂર્ણ અધિકાર આપવાનું ઠરાવવામાં આવે છે.

સર્વાનુમતે મંજુર

બિડાણ ક્ર: ૨

રજી.નં. એ ૮૨૮ (કચ્છ) તા. ૬-૪-૬૫ (એસ.ટી.ડી. ૦૨૮૩૪) ફોન: ૨૨૩૯૫૩

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

નિયુક્ત

માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિ

માંડવી-કચ્છ.

કાર્યાલય : પાટીદાર સમાજવાડી, માંડવી-કચ્છ.

નં. 1284 તા. ૩/૪/૨૦૦૭

શ્રી [redacted] હસ્તે પોતે

સરનામું [redacted] વિગત રૂમ ફર્નિચર ફંડ

આપના તરફથી સમાજના બાંધકામ (માંડવી વિદ્યાર્થી છાત્રાલય) ફંડમાં રૂા. ૧૬૦૦૦/-

અંકે રૂા. સોળ હજાર પુરા મળ્યા છે તે સાભાર સ્વીકારેલ છે.

ભવાનજી નારાણ સેંઘાણી

રૂા. ૧૬,૦૦૦/- ચેક / ડ્રાફ્ટ / કેશ ✓

વસુલ કરનાર

રજી.નં. એ ૮૨૮ (કચ્છ) તા. ૬-૪-૬૫ (એસ.ટી.ડી. ૦૨૮૩૪) ફોન: ૨૨૩૯૫૩

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

નિયુક્ત

માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિ

માંડવી-કચ્છ.

કાર્યાલય : પાટીદાર સમાજવાડી, માંડવી-કચ્છ.

નં. 1285 તા. ૩/૪/૨૦૦૭

શ્રી [redacted] હસ્તે પોતે

સરનામું [redacted] વિગત રૂમ ફર્નિચર ફંડ

આપના તરફથી સમાજના બાંધકામ (માંડવી વિદ્યાર્થી છાત્રાલય) ફંડમાં રૂા. ૧૫૦૦૦/-


અંકે રૂા. પંદર હજાર પુરા મળ્યા છે તે સાભાર સ્વીકારેલ છે.

ભવાનજી નારાણ સેંઘાણી

રૂા. ૧૫૦૦૦/- ચેક / ડ્રાફ્ટ / કેશ ✓

વસુલ કરનાર

બિડાણ ક્ર.: ૩



॥ શ્રી ઉમિયા માતાય નમઃ ॥

આદરણીય શ્રી..

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત
શ્રી નાનજી વીરજી ઘોળુ વિદ્યાર્થી છાત્રાલય માંડવી-કચ્છનો
બારમો વાર્ષિક મહોત્સવ અને સરસ્વતી સન્માન સમારંભ
તા. ૨૩-૮-૨૦૦૫ મંગળવારના સવારે ૯-૦૦ કલાકે
માંડવી નિર્માણ સમિતિના પ્રમુખ
શ્રી લધાભાઇ વિશ્રામ પોકારના
અધ્યક્ષ સ્થાને યોજવામાં આવશે.

આ સમારંભમાં માંડવી ખાતે નિર્માણ થનાર
અધતન સુવિધા યુક્ત પાટીદાર વિદ્યાર્થી હોસ્ટેલના
શિલાન્યાસ (ખાત મુહૂર્ત)
નો ચડાવો (ઉછામણી) કરવામાં આવશે.

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજે માંડવી ખાતે
શિક્ષણના હેતુ માટે ખરીદેલ જમીન પર
માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિ દ્વારા નિર્માણ થનાર
પાટીદાર વિદ્યાર્થી હોસ્ટેલનું ભૂમિ પૂજન અને શિલાન્યાસ વિધિ
દાતાશ્રીના વરદ્ હસ્તે તા. ૨૪.૦૮.૦૫ બુધવારના
સવારે ૯.૦૦ કલાકે કરવામાં આવશે.

આ બન્ને દિવસના ગૌરવપૂર્ણ પ્રસંગે ઉપસ્થિત રહેવા
આપને ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.

: નિમંત્રક :

લધાભાઇ વિશ્રામ પોકાર
પ્રમુખ
માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિ

ભવાનજી ભાણજી રામાણી
મંત્રી

બિડાણ ક્ર: ૪

|| શ્રી ઉમિયા માતાયે નમઃ || || શ્રી ગણેશાય નમઃ || || શ્રી સરસ્વતી માતાયે નમઃ ||

પરમ આદરણીય શ્રી...

સહર્ષ જણાવવાનું કે મા ઉમિયાની અસીમ કૃપા અને પ્રેરણાથી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજે માંડવી ખાતે શિક્ષણના હેતુમાટે ખરીદેલ જમીન પર માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિ દ્વારા નિર્માણ થયેલ પાટીદાર વિદ્યાર્થી હોસ્ટેલનું ઉદ્‌ઘાટન સમારોહ તથા નામ કરણ વિધિ તેમજ સરસ્વતી દેવીની પ્રતિમા ની અનાવરણ વિધિ નો કાર્યક્રમ યોજવામાં આવેલ છે. આ પ્રસંગે

:: ઉદ્‌ઘાટન સમારંભના આદરણીય મહાનુભાવો ::

તા. ૧/૫/૦૭, મંગળવારના

સમારંભ અધ્યક્ષ : શ્રી લખમશીભાઇ લધાભાઇ વાસાણી
(પ્રમુખ શ્રી માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિ)

અતિથિવિશેષ : શ્રી વાલજીભાઇ શીવજી વાડીયા
(પ્રમુખ શ્રી અ.ભા.ક.ક.પા. સમાજ)
શ્રી નારાણભાઇ મનજી વેલાણી
(લુડવા-મુંબઇ)

તા. ૨/૫/૦૭, બુધવારના

સમારંભ અધ્યક્ષ : શ્રી વાલજીભાઇ શીવજી વાડીયા
(પ્રમુખ શ્રી અ.ભા.ક.ક.પા. સમાજ)


અતિથિવિશેષ : શ્રી અબજીભાઇ કરમશી ધોળુ
(દુર્ગાપુર)
શ્રી કાંતિલાલ માવજી ધોળુ
(પદમપુર હાલે પૂના)
શ્રી છબીલદાસ નારાણભાઇ પટેલ
(માનનીય ધારાસભ્ય શ્રી માંડવી વિધાનસભા)

ઉપસ્થિત રહેશે આ બન્ને દિવસના ગૌરવપુર્ણ પ્રસંગે ઉપસ્થિત રહેવા આપને ભાવભર્યુ આમંત્રણ પાઠવીએ છીએ.

આ કાર્યક્રમને સફળ બનાવવા અચૂક હાજરી આપી શોભામાં અભિવૃદ્ધિ કરશોજી.....

:: નિમંત્રક ::

લખમશી લધાભાઇ વાસાણી
પ્રમુખશ્રી
માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિ



ભવાનજી ભાણજી રામાણી
મંત્રીશ્રી
માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિ

॥ શ્રી ઉમિયા માતાય નમઃ ॥

શ્રી પાટીદાર સર્વોદય ટ્રસ્ટ-માંડવી

લખુ વિરજી ઘોળુ વિદ્યાર્થી છાત્રાલય, ઉમિયા નગરની બાજુમાં, માંડવી-કચ્છ

This reply is false and misleading.

પ્રતિ શ્રી, તા. ૨૪/૦૧/૨૦૧૩

સુજ્ઞ જ્ઞાતિજનો,

વિષય : તા. ૨૫/૧૨/૨૦૧૨ના શ્રી અ.ભા.ક.ક.પા. સમાજનો ૧૪ પાનાનો પત્ર પ્રમુખશ્રી દ્વારા સમાજને ગેર માર્ગે દોરવવા પ્રતિત કરેલ તે બાબત

સાદર નમસ્તે

તા. ૧/૧૨/૨૦૧૨ની મુંબઈ ઝોનની સામાન્ય સભાના અનુસંધાનમાં અ.ભા.ક.ક.પા. સમાજના પ્રમુખનો વિગતવાર ૧૪ પાનાનો પરિપત્ર આવેલ,જેની ખરેખરી હકીકત અમો નીચે મુજબ રજુ કરીએ છીએ.

- માંડવી હોસ્ટેલ લખુ વિરજી ઘોળુંની મિલકત લેવા માટે સમાજે રૂા. ૫૦,૦૦,૦૦૦/- (રૂપિયા પચાસ લાખ) કયારે પણ આપ્યા જ નથી.
- **આ હોસ્ટેલની જમીન વર્ષ ૧૯૯૪માં "શ્રી કચ્છ કડવા પાટીદાર હોસ્ટેલ નિર્માણ સમિતિ" માંડવીના નામે જ ખરીદાયેલ હતી,** તે જ જમીન વર્ષ ૨૦૧૨માં "શ્રી પાટીદાર સર્વોદય ટ્રસ્ટ"ના નામે ટ્રાન્સફર કરવામાં આવેલ છે. તો આ ટ્રાન્સફરમાં કયાં "શ્રી અ.ભા.ક.ક.પા.સમાજ-નખત્રાણા"ની જમીન ટ્રાન્સફર કરવામાં આવી તે જ સમજાતું નથી
- મુંબઈમાં શ્રી અ.ભા.સ.ના પ્રમુખ શ્રી એ જણાવેલ કે અમો માંડવી હોસ્ટેલ બાબત ચર્ચા કરવા નહોતા આવ્યા ફક્ત મુલાકાતે જ આવ્યા હતા, (જેમ અમોએ ૧૧ ઝોનની મુલાકાત લીધેલ તેમ) તો પછી આ ૧૪ પાનાના પત્રમાં તો ફક્ત માંડવી હોસ્ટેલની જ વાતો છે આ બધાજ ખુલાસા ને અમો વખોડી કાઢીએ છીએ.
- મુંબઈ ઝોનની મીટીંગમાં શરૂઆતમાં શ્રી અ.ભા.સમાજના ટ્રસ્ટી શ્રી લધાભાઈ વિશ્રામ પટેલને સ્ટેજ ઉપર સ્થાન ન આપવા બાબત પણ અ.ભા. સમાજના પ્રમુખ ખુલાસો સ્પષ્ટ ન કરી શકેલ ત્યારે સભાની બાજી સંભાળી લેતા ઝોન પ્રમુખ શ્રીએ શ્રી લધાભાઈને સ્થાન અપાવેલ તે સ્પષ્ટ છે. ફક્ત લધાભાઈ વર્તમાન ટ્રસ્ટી છે કે નહિં તે પણ ખુલાસા કરી શકયા નહી અને પાછળથી આ ૧૪ પાના ભરીને ખુલાસા કરવામાં આવે છે. તેના ઉપરથી જણાઈ આવે છે કે આજના અ.ભા.સમાજના પ્રમુખ પોતાના વિચારો નથી આપતા, તે અન્યોનાજ વિચારોથી સમાજ ચલાવે છે તેથી જ આજ રોજ સમાજમાં વિવાદો અને સંપ્રદાયીક પ્રશ્નો જોર કરી ગયેલ છે. આ મીટીંગની વીડીયો શા માટે

પાછળ જુઓ...

You Tube માં દેખાડવામાં નથી આવતી ? આ મીટીંગમાં પ્રમુખશ્રીના વાણી અને વર્તનમાં ફરક છે તેથી ? (જયારે પ્રમુખશ્રીએ પોતાના વક્તવ્યમાં સ્પષ્ટ જણાવેલ કે આ વિડીયો દરેકને બતાવજો)

- આ પરિપત્રમાં પ્રમુખશ્રી લખે છે કે મુંબઈ ઝોનની મીટીંગમાં સતપંથી ભાઈઓ હાજર રહેલ હતા, તો કયારથી સતપંથી ભાઈઓને બરતરફ કર્યા, તેનો ખુલાસો જાહેર પરિપત્રોમાં કરે.
- માંડવી હોસ્ટેલ જમીન ૧૯૯૪ થી ૨૦૧૨ સુધી ''શ્રી કચ્છ કડવા પાટીદાર હોસ્ટેલ નિર્માણ સમિતિ'' (માંડવી)ના નામે જ હતી ત્યારે ૧૮ (અઢાર) વર્ષ સુધી અ.ભા.સમાજ કયાં ગઈ હતી અને આજે આ જમીન ઉપર **હાઈસ્કુલ** બનાવવાનું વિચારેલ તેથી આ જમીન ઉપર સાર્વજનિક ટ્રસ્ટ બનાવવા વિચારેલ અને ''શ્રી પાટીદાર સર્વોદય ટ્રસ્ટ''ના નામે જમીન ટ્રાન્સફર કરવામાં આવેલ તેમાં કયાં ગેર કાયદેસર કાર્ય કરેલ છે.
- ઉપરોક્ત બાબત સ્પષ્ટ હોવા છતાં પણ વિચાર-વિમર્શો કરવા આપસમાં મળવાનું નક્કી કરવામાં આવેલ તેમાં પણ સ્થળ બાબત આપસમાં ચર્ચામાં હોવા છતાં પણ છેલ્લી ઘડીએ સહમતિ વગર તા. ૧૧/૧/૨૦૧૩ના નખત્રાણા મીટીંગની જાહેરાત કરી અને આયોજન કરવામાં આવેલ તેમાં શ્રી પાટીદાર સર્વોદય ટ્રસ્ટ વતીથી ટ્રસ્ટી શ્રી શિવદાસ ગોવિંદ છાભૈયા અને ટ્રસ્ટી શ્રી સામજી હરજી સેંઘાણી હાજર રહીને યોગ્ય ખુલાસાઓ કરેલ છે.
- તા. ૬/૧/૨૦૧૩ના માંડવી હોસ્ટેલ મધ્યે સરસ્વતી સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવેલ તેમાં પણ ખલેલ પાડવા ન્યુઝ પેપરમાં વાલીઓને ખોટી માહિતિ આપીને ચેરીટી કમીશનરનો આદેશ છે કે આ સરસ્વતી સન્માન ન યોજવું, તેમાં વાલીઓએ ભાગ ન લેવો તેવી ખોટી જાહેરાત કરેલ. આવા ખોટા પ્રચાર કરીને સમાજમાં શું સિદ્ધ કરવા માગે છે. સમાજ પોતે તો શિક્ષણ સંકુલનું આયોજન બરાબર નથી કરી શકતું ત્યારે જે સંસ્થા વ્યવસ્થિત આયોજન કરી ચલાવે છે તેને કેમ અવરોધે છે, તેનુ કારણ સમજાતુ નથી, અસ્તુ...

વિશેષ જાણકારી માટે મુંબઈમાં શ્રી પાટીદાર સર્વોદય ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી મેઘજી જેઠા રામજીયાણી : મો.: ૦૮૧૦૮૦૦૦૦૦૪ અને શ્રી શીવલાલ લખમશી પટેલ : મો.: ૦૯૮૨૦૮૨૭૪૮૪ તેમજ કચ્છમાં શ્રી શાન્તીલાલ ચૌધરી માંડવી : મો.: ૦૯૪૨૬૬૨૯૧૨૯ નો સંપર્ક કરી શકે છે.

લી.

શ્રી પાટીદાર સર્વોદય ટ્રસ્ટના

ટ્રસ્ટીઓ

નકલ રવાના : (૧) શ્રી અ.ભા.ક.ક.પા.સ. નખત્રાણા, (૨) શ્રી અ.ભા.ક.ક.પા. યુવા સંઘ, નખત્રાણા, (૩) શ્રી અ.ભા.ક.ક.પા. મહિલા સંઘ, નખત્રાણા, (૪) શ્રી અ.ભા. લક્ષ્મીનારાયણ કેન્દ્રીય સંસ્થાન, દેશલપર, (૫) શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય, (૬) ભારતભરના તમામ ઝોનો, યુવા સંઘ તેમજ મહિલા સંઘ.